# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]

आज़ादी का अमृत महोत्सव

G20 भारत 2023 INDIA

वसुधैव कुटुम्बकम् ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

---

ક્રમાંક:બીકેએનએમયુ/શા.શિ./૨૩૪/૨૦૨૬ | તા.૦૧/૦૯/૨૦૨૬

**વિષય :- વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન યોજાનાર તરણેતર ખાતેના ૨૧માં ગ્રામીણ ઓલમ્પિકમાં ભાગ લેવા બાબત.**

**સંદર્ભ :- જીલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જૂનાગઢનો તા.૦૧/૦૯/૨૦૨૬નો પત્ર. (ઈ-મેઈલ)**

**પરીપત્ર :-**

અત્રેની યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓને ઉક્ત વિષય અને સંદર્ભે અન્વયે જણાવવાનું કે, ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭માં તરણેતર, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર ખાતે તરણેતરના લોકમેળામાં તા.૧૪/૦૯/૨૦૨૬ થી તા.૧૬/૦૯/૨૦૨૬ દરમિયાન ગ્રામીણ ઓલમ્પિકનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

આ ગ્રામીણ ઓલમ્પિકમાં ઉંમર આધારીત વિવિધ કેટેગરીમાં ભાઈઓ તથા બહેનો માટે વિવિધ વ્યક્તિગત અને ટીમ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. જે કોઈ ખેલાડીઓ ઉક્ત સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ આ સાથે બીડાણમાં સામેલ ફોર્મમાં જરૂરી વિગત ભરી પોસ્ટ મારફત/ઈ-મેઈલ આઈ.ડી. પર એન્ટ્રી મોકલી આપવા જણાવવામાં આવેલ છે. વધુ જાણકારી માટે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, લીંબડીના મો. નં. ૯૭૨૩૨ ૯૨૨૭૧ પર સંપર્ક સાધી શકો છો.

ઉક્ત પરીપત્રથી, ખેલાડીઓ માહિતગાર થાય, તે હેતુથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જરૂરી કાર્યવાહી કરવા અર્થે વિનંતી તેમજ ગ્રામીણ ઓલમ્પિકમાં વધારેમાં વધારે ખેલાડીઓ ભાગ લઈ શકે તે પ્રમાણેના પ્રયાસો કરવા વિનંતી.

**બીડાણ : ઉક્ત સંદર્ભ પત્રની નકલ**

Co-ordinator
Physical Education Cell
Bhakta Kavi Narsinh Mehta University,
Junagadh (Gujarat).

**પ્રતિ,**

(૧) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ
(૨) સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ
(૩) સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર્સ ઇન્ચાર્જશ્રીઓ

**નકલ સાદર રવાના :**

(૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ (જાણ અર્થે)

# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત

જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર – જુનાગઢ

સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, જુનાગઢ – મેંદરડા રોડ, ગાંધીગ્રામ – જુનાગઢ

Email:- dso-sycd-jngcity@gujarat.gov.in


જા.નં.: જરગઅ/તરણેતર/૨૦૨૬-૨૭/૬૩૦ તા.૦૧/૦૯/૨૦૨૬

પ્રતિ,

૧) રજીસ્ટ્રારશ્રી ભક્તકવિ નરસિંહ મહેતા યુનીવર્સીટી, જુનાગઢ

૨) રજીસ્ટ્રારશ્રી, કૃષિ યુનીવર્સીટી, જુનાગઢ

૩) રજીસ્ટ્રારશ્રી, સુભાષ યુનીવર્સીટી, જુનાગઢ

૪) રજીસ્ટ્રારશ્રી, નોબલ યુનીવર્સીટી, જુનાગઢ

વિષય: તરણેતર ખાતેના ૨૧માં ગ્રામીણ ઓલમ્પિક વર્ષ ૨૦૨૬-૨૭ના આયોજન બાબત.

સંદર્ભ: જિલ્લા રમત વિકાસ અધિકારી, સુરેન્દ્રનગરના તા.૨૯/૦૮/૨૦૨૬ના પત્રક્રમાંક:
ડી.એસ.સી.સી./તરણેતર/૨૦૨૬-૨૭/૧૫૪ અન્વયે.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭માં તરણેતર, તા. થાનગઢ જિ-સુરેન્દ્રનગર ખાતે લોકમેળામાં તા.૧૪/૦૯/૨૦૨૬ થી ૧૬/૦૯/૨૦૨૬ દરમ્યાન ૨૧માં ગ્રામિણ ઓલિમ્પિકનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ ગ્રામિણ ઓલિમ્પિકમાં ભાઇઓ માટે - દોડ, ૪ x ૧૦૦ મી.રીલે દોડ, લાંબી કુદ, ગોળા ફેંક, નારીયેળ ફેંક, સ્ટ્રોન્ગેસ્ટમેન, કુસ્તી, વોલીબોલ, લંગડી, સાતોડી (નારગોલ), કબડ્ડી, રસ્સાખેંચ, ખાંડના લાડવા ખાવાની હરીફાઇ, અને બહેનો માટે- દોડ. ૪ x ૧૦૦ મી.રીલે દોડ, લાંબી કુદ, ગોળા ફેંક, વોલીબોલ, કબડ્ડી, લંગડી, દોરડાકુદ (રોપ સ્કીંપીંગ) માટલાદોડ, જેવી પંરપરાગત રમતોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. તેમજ વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવનાર છે. ગ્રામિણ ઓલિમ્પિકમાં જે તે રમતમાં વધારેમાં વધારે ખેલાડીઓ ભાગ લઇ શકે તે પ્રમાણેના પ્રયાસો કરવા આપને ખાસ વિનંતી છે. આ ઓલિમ્પિકમાં ભાગ લેવા ઇચ્છતી ટીમોની તેમજ ઇચ્છુક રમતવીરોની એન્ટ્રીઓ પોસ્ટ થી **જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, ઠે.સ્પોર્ટસ કોમ્પલેક્ષ, કૃષ્ણાનગર સામે, મીલ રોડ, મું.લીંબડી. જી-સુરેન્દ્રનગર -૩૬૩૪૨૧ (મો.નં ૯૭૨૩૨૯૨૨૭૧) અથવા E-MAIL dsdo-surendranagar@gujarat.gov.in દ્વારા તા.૧૦/૦૯/૨૦૨૬ સુધીમાં** સમયસર મળી રહે તે રીતે મોકલી આપવાની રહેશે. આપના તાબા હેઠળની તમામ કોલેજોમાં જાણ કરવા નમ્ર વિનંતી.

જિલ્લા રમત ગમત અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
જુનાગઢ

# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત

(રમત ગમત, યુવા અને સાસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગુજરાત સરકાર)

સત્યમેવ જયતે

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત

જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર લીંબડી જી-સુરેન્દ્રનગર


જાવક નં ડી.એસ.સી.સી /તરણેતર/૨૦૨૬-૨૭/૧૫૪. તા. ૨૯/૦૮/૨૦૨૬

પ્રતિ,
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,તમામ
જિલ્લા રમત ગમત અધિકારીશ્રી,તમામ.

વિષય:- તરણેતર ખાતેના ૨૧માં ગ્રામિણ ઓલિમ્પિકના આયોજન બાબત વર્ષ ૨૦૨૬-૨૭.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭માં તરણેતર, તા. થાનગઢ જી-સુરેન્દ્રનગર ખાતે લોકમેળામાં તા.૧૪/૦૯/૨૦૨૬ થી ૧૬/૦૯/૨૦૨૬ દરમ્યાન ૨૧માં ગ્રામિણ ઓલિમ્પિકનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ ગ્રામિણ ઓલિમ્પિકમાં ભાઇઓ માટે- દોડ, ૪ x ૧૦૦ મી.રીલે દોડ, લાંબી કુદ, ગોળા ફેંક, નારીયેળ ફેંક, સ્ટ્રોન્ગેસ્ટમેન, કુસ્તી, વોલીબોલ, લંગડી, સાતોડી (નારગોલ), કબડ્ડી, રસ્સાખેંચ, ખાંડના લાડવા ખાવાની હરીફાઇ, અને બહેનો માટે- દોડ, ૪ x ૧૦૦ મી.રીલે દોડ, લાંબી કુદ, ગોળા ફેંક, વોલીબોલ, કબડ્ડી, લંગડી, દોરડાકુદ (રોપ સ્કીપીંગ) માટલાદોડ, જેવી પંરપરાગત રમતોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. તેમજ વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવનાર છે. ગ્રામિણ ઓલિમ્પિકમાં જે તે રમતમાં વધારેમાં વધારે ખેલાડીઓ ભાગ લઇ શકે તે પ્રમાણેના પ્રયાસો કરવા આપને ખાસ વિનંતી છે. આ ઓલિમ્પિકમાં ભાગ લેવા ઇચ્છતી ટીમોની તેમજ ઇચ્છુક રમતવીરોની એન્ટ્રીઓ પોસ્ટ થી જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી, ઠે.સ્પોર્ટસ કોમ્પલેક્ષ, કૃષ્ણાનગર સામે, મીલ રોડ, મું.લીંબડી. જી-સુરેન્દ્રનગર -૩૬૩૪૨૧ (મો.નં ૯૭૨૩૨૯૨૨૭૧) અથવા E-MAIL dsdo-surendranagar@gujarat.gov.in દ્વારા તા.૧૦/૦૯/૨૦૨૬ સુધીમાં સમયસર મળી રહે તે રીતે મોકલી આપવાની રહેશે.

૧૨ અને ૧૬ વર્ષથી નાની વયના શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ પોતાની શાળાના આચાર્યના સહી-સિક્કા કરાવીને એન્ટ્રી ફોર્મ મોકલી આપવાનું રહેશે.

જિલ્લા રમત વિકાસ અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
લીંબડી જી.સુરેન્દ્રનગર

બિડાણ:- ૧. એન્ટ્રી ફોર્મ-એ અને બી ની નકલ.

નકલ સવિનય રવાના જાણ સારૂ:-

(૧) માન.સચિવ શ્રી,
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર.

(૨) માન.કલેકટરશ્રી,
કલેકટર કચેરી સુરેન્દ્રનગર.

(૩) માન.આસિસ્ટન્ટ ડાયરેક્ટરશ્રી,
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર.

(૪) માન.જિલ્લા શિક્ષણાધીકારીશ્રી,
સુરેન્દ્રનગર.

(૫) માન.પ્રાથમિક શિક્ષણાધીકારીશ્રી,
સુરેન્દ્રનગર.


સ્પોર્ટસ કોમ્પલેક્ષ,સ્પીનિંગ મીલની સામે,મીલ રોડ,લીંબડી-૩૬૩૪૨૧,જી-સુરેન્દ્રનગર. ફોન: (૦૨૭૫૩) ૨૬૦૭૩૪

# ૨૧માં ગ્રામિણ ઓલિમ્પિક તરણેતર-૨૦૨૬ માં ભાગ લેવા અંગેનું એન્ટ્રી ફોર્મ-એ

ખેલાડીનું નામઃ-........................................................................

ખેલાડીનું સરનામુંઃ-....................................................................

.........................................................................................

મો.નંઃ-.....................................................

પ્રતિ,
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,
ઠે.સ્પોર્ટસ કોમ્પલેક્ષ,કૃષ્ણાનગર સામે,
મીલ રોડ, જિ-સુરેન્દ્રનગર.
મું.લીંબડી-૩૬૩૪૨૧.

વિષયઃ- તરણેતરના મેળામાં ૨૧માં ગ્રામિણ ઓલિમ્પિકમાં ભાગ લેવા અંગેનું એન્ટ્રી ફોર્મ મોકલી આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, તરણેતર ખાતે યોજાનાર ગ્રામિણ ઓલિમ્પિકમાં ૧૨ થી ૧૬ વર્ષથી નાના શાળામાં અભ્યાસ કરતાં બાળકો માટેની નીચે જણાવેલ રમતો પૈકી હું................................................................ રમતમાં મારી ઉમેદવારી નોંધાવવા માંગુ છું. મને આ રમતમાં તક આપવા વિનંતી છે.

| ક્રમ | ખેલાડીનું નામ | જન્મ તારીખ | ખેલાડી જે રમતમાં ભાગ લેવા ઇચ્છતા હોય તે રમત સામે √ કરવું |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

| ક્રમ | ભાઇઓ વિભાગઃ- (૧૬ વર્ષ) રમતોની સ્પર્ધા | સ્પર્ધાની તારીખ | બહેનો વિભાગઃ- (૧૬ વર્ષ) રમતોની સ્પર્ધા | સ્પર્ધાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૦ મી.દોડ | ૧૪/૦૯/૨૦૨૬ | ૧૦૦ મી.દોડ | ૧૪/૦૯/૨૦૨૬ |
| ૨ | ૨૦૦ મી.દોડ | ૧૪/૦૯/૨૦૨૬ | ૨૦૦ મી.દોડ | ૧૪/૦૯/૨૦૨૬ |
| ૩ | ૮૦૦ મી.દોડ | ૧૪/૦૯/૨૦૨૬ | ૮૦૦ મી.દોડ | ૧૪/૦૯/૨૦૨૬ |
| ૪ | લાંબીકુદ | ૧૪/૦૯/૨૦૨૬ | લાંબીકુદ | ૧૪/૦૯/૨૦૨૬ |
| ૫ | | | દોરડાકુદ (રોપ સ્કીંપીંગ) | ૧૬/૦૯/૨૦૨૬ |
| ૧૨ વર્ષના બાળકો માટે | | | | |
| ૭ | લંગડી (૯ ખેલાડીઓ) | ૧૪/૦૯/૨૦૨૬ | લંગડી (૯ ખેલાડીઓ) | ૧૪/૦૯/૨૦૨૬ |

નોંધ:- ઉપરોકત રમતોની સ્પર્ધા તારીખે સવારે ૮:૦૦ કલાકે ગ્રામીણ ઓલિમ્પિક મેદાન તરણેતર ખાતે શરૂ કરવામાં આવશે તેમજ સ્પર્ધા સ્થળે સ્પર્ધાના સમય કરતા ૪૫ મીનીટ પહેલા રીપોર્ટીંગ કરવાનું રહેશે. અને તમામ ખેલાડીએ સમયસર સ્પર્ધા સ્થળે હાજર રહેવાનું રહેશે. કોઈ સ્પર્ધાની શરૂઆત થઇ ગઈ હોય અથવા મેચ ફીક્સ્ચર (ડ્રો) થઇ ગયા હોય તે બાદ કોઈ ટીમ કે ખેલાડીને સ્પર્ધામાં એન્ટ્રી આપવામાં આવશે નહિ.

(ખેલાડીની સહી)

ખેલાડીની જન્મ તારીખની ખરાઇ શાળાના રેકર્ડ ઉપરથી કરવામાં આવેલ છે. ફોર્મમાં જણાવેલ જન્મ તારીખ બરાબર માલુમ પડેલ છે.

આચાર્યના સહી/સિક્કા

જરૂરી સુચનાઓ:-

૧. ભાગ લેનાર તમામ ખેલાડીઓએ સ્વ ખર્ચે સ્પર્ધા સ્થળે હાજર થવાનું રહેશે.
૨. એક ખેલાડી એક જ રમતમાં ભાગ લઇ શકશે.
૩. ભાગ લેનાર તમામ ખેલાડીઓએ પોતાનું ઓરીઝીનલ આઇ-ડી પ્રુફ સાથે રાખવાનું રહેશે.
૪. વિજેતા ખેલાડીઓને સ્થળ ઉપર રોકડ પુરસ્કાર આપવામાં આવશે.
૫. ખેલાડીઓએ રમતને અનુરૂપ ગણવેશ સાથે ઉપસ્થિત થવાનું રહેશે.
૬. તમામ રમતોની સ્પર્ધામાં જે તે રમતના ઓફીસીયલ્સશ્રીનો નિર્ણય આખરી રહેશે. જે તમામને ગ્રાહ્ય રહેશે.
૭. તા. ૧૦/૦૯/૨૦૨૬ સુધીમાં એન્ટ્રીફોર્મ ઉકત સરનામે મોકલી આપવાના રહેશે.
૮. સ્પર્ધા દરમિયાન કોઈ ખેલાડીને કોઈ પણ પ્રકારની માનસિક કે શારીરિક ઈજા થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ખેલાડીની પોતાની રહેશે.

વધુ માહિતી માટે જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીની કચેરી મોબાઈલ નંબર ૯૭૨૩૨૯૨૨૭૧ સંપર્ક કરવાનો રહેશે.

# ૨૧માં ગ્રામિણ ઓલિમ્પિક તરણેતર-૨૦૨૬ માં ભાગ લેવા અંગેનું એન્ટ્રી ફોર્મ-બી

ખેલાડીનું નામઃ-.......................................................................

ખેલાડીનું સરનામુંઃ-...................................................................

.........................................................................................

મો.નંઃ-...................................................

પ્રતિ,
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,
ઠે.સ્પોર્ટસ કોમ્પલેક્ષ,કૃષ્ણાનગર સામે,
મીલ રોડ, જિ-સુરેન્દ્રનગર.
મું.લીંબડી-૩૬૩૪૨૧.

વિષયઃ- તરણેતરના મેળામાં ૨૧માં ગ્રામિણ ઓલિમ્પિકમાં ભાગ લેવા અંગેનું એન્ટ્રી ફોર્મ મોકલી આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, તરણેતર ખાતે યોજાનાર ૨૧માં ગ્રામિણ ઓલિમ્પિકમાં નીચે જણાવેલ રમતો પૈકી હું.......................................................................... રમતમાં મારી ઉમેદવારી નોંધાવવા માંગુ છું. મને આ રમતમાં તક આપવા વિનંતી છે.

| ક્રમ | ભાઇઓ માટેની રમતો (ઓપન વિભાગ) | સ્પર્ધાની તારીખ | બહેનો માટેની રમતો (ઓપન વિભાગ) | સ્પર્ધાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૦ મી.દોડ | ૧૪/૦૯/૨૦૨૬ | ૧૦૦ મી.દોડ | ૧૪/૦૯/૨૦૨૬ |
| ૨ | ૪૦૦ મી.દોડ | ૧૪/૦૯/૨૦૨૬ | ૪૦૦ મી.દોડ | ૧૪/૦૯/૨૦૨૬ |
| ૩ | ૮૦૦ મી.દોડ | ૧૪/૦૯/૨૦૨૬ | ૮૦૦ મી.દોડ | ૧૪/૦૯/૨૦૨૬ |
| ૪ | ગોળાફેંક | ૧૪/૦૯/૨૦૨૬ | ગોળાફેંક | ૧૪/૦૯/૨૦૨૬ |
| ૫ | લાંબી કુદ | ૧૪/૦૯/૨૦૨૬ | લાંબી કુદ | ૧૪/૦૯/૨૦૨૬ |
| ૬ | ૪ x ૧૦૦ મી.રીલે દોડ | ૧૪/૦૯/૨૦૨૬ | ૪ x ૧૦૦ મી.રીલે દોડ | ૧૪/૦૯/૨૦૨૬ |
| ૭ | નારીયેળ ફેંક | ૧૫/૦૯/૨૦૨૬ | માટલા દોડ હરીફાઇ (૫૦ મી.અંતર) | ૧૫/૦૯/૨૦૨૬ |
| ૮ | કુસ્તી (૪૫ થી ૫૫ કિગ્રા,૫૫ થી ૬૮ કિગ્રા અને ૬૮ કિ.ગ્રા ઉપરના વજન માટે | ૧૬/૦૯/૨૦૨૬ | વોલીબોલ (૧૦ ખેલાડીઓની ટીમ) | ૧૫/૦૯/૨૦૨૬ |
| ૯ | વોલીબોલ (૧૦ ખેલાડીઓની ટીમ) | ૧૫/૦૯/૨૦૨૬ | કબડ્ડી (૧૦ ખેલાડીઓની ટીમ) | ૧૫/૦૯/૨૦૨૬ |
| ૧૦ | કબડ્ડી (૧૦ ખેલાડીઓની ટીમ) | ૧૫/૦૯/૨૦૨૬ | | |
| ૧૧ | રસ્સાખેંચ (૧૦ ખેલાડીઓની ટીમ) | ૧૬/૦૯/૨૦૨૬ | | |
| ૧૨ | સ્ટ્રોન્ગેસ્ટમેન | ૧૫/૦૯/૨૦૨૬ | | |
| ૧૩ | ખાંડ ના લાડવા ખાવાની હરીફાઇ | ૧૫/૦૯/૨૦૨૬ | | |
| ૧૪ | સાતોડી (નારગોલ) | ૧૫/૦૯/૨૦૨૬ | | |

ટીમ ઇવેન્ટ માટે પ્રવેશપત્રનો નમુનો

રમતનું નામ-................................. વયજુથ- (ભાઇઓ/બહેનો)

| ક્રમ | ખેલાડીનું નામ | જન્મતારીખ | ધોરણ | જાતી- Gen/Sebc/Sc/St | આધારકાર્ડ નંબર | ઇવેન્ટ/ વજન ગ્રુપ | સંપર્કનંબર( ખેલાડીનો) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | | | | |
| 2 | | | | | | | |
| 3 | | | | | | | |
| 4 | | | | | | | |

ઉપરોક્ત વિદ્યાર્થીઓની વિગતો સંપુર્ણ સાચી છે તેની મે જાતે ચકાસણી કરેલ છે.

ટીમ મેનેજર/વ્યાયામ શિક્ષકનું નામ - આચાર્યશ્રીની સહી

મોબાઇલ નંબર- શાળાનું નામ

નોંધ:- ઉપરોકત રમતોની સ્પર્ધા તારીખે સવારે ૮:00 કલાકે ગ્રામીણ ઓલિમ્પિક મેદાન તરણેતર ખાતે શરૂ કરવામાં આવશે તેમજ સ્પર્ધા સ્થળે સ્પર્ધાના સમય કરતા ૪૫ મીનીટ પહેલા રીપોર્ટીંગ કરવાનું રહેશે. અને તમામ ખેલાડીએ સમયસર સ્પર્ધા સ્થળે હાજર રહેવાનું રહેશે. કોઈ સ્પર્ધાની શરૂઆત થઇ ગઈ હોય અથવા મેચ ફીક્સ્ચર (ડ્રો) થઇ ગયા હોય તે બાદ કોઈ ટીમ કે ખેલાડીને સ્પર્ધામાં એન્ટ્રી આપવામાં આવશે નહિ.

રમતના કેપ્ટન/ખેલાડીની સહી

જરૂરી સુચનાઓ:-

૧. ભાગ લેનાર તમામ ખેલાડીઓએ સ્વ ખર્ચે સ્પર્ધા સ્થળે હાજર થવાનું રહેશે.
૨. એક ખેલાડી એક જ રમતમાં ભાગ લઇ શકશે.
૩. ભાગ લેનાર તમામ ખેલાડીઓએ પોતાનું ઓરીઝીનલ આઇ-ડી પ્રુફ સાથે રાખવાનું રહેશે.
૪. વિજેતા ખેલાડીઓને સ્થળ ઉપર રોકડ પુરસ્કાર આપવામાં આવશે.
૫. ખેલાડીઓએ રમતને અનુરૂપ ગણવેશ સાથે ઉપસ્થિત થવાનું રહેશે.
૬. તમામ રમતોની સ્પર્ધામાં જે તે રમતના ઓફીસીયલ્સશ્રીનો નિર્ણય આખરી રહેશે. જે તમામને ગ્રાહ્ય રહેશે.
૭. તા. ૧૦/૦૯/૨૦૨૬ સુધીમાં એન્ટ્રીફોર્મ ઉકત સરનામે મોકલી આપવાના રહેશે.
૮. સ્પર્ધા દરમિયાન કોઈ ખેલાડીને કોઈ પણ પ્રકારની માનસિક કે શારીરિક ઈજા થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ખેલાડીની પોતાની રહેશે.

વધુ માહિતી માટે જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીની કચેરી મોબાઈલ નંબર ૯૭૨૩૨૯૨૨૭૧ સંપર્ક કરવાનો રહેશે.